ચેન્નાઈ સુપરકિંગ્સ | ગુજરાત ટાઈટન્સ | લખનઉ સુપર જાયન્ટ્સ | પંજાબ કિંગ્સ | રાજસ્થાન રોયલ્સ | કોલકત્તા નાઈટરાઈડર્સ | દિલ્હી કેપીટલ્સ | સનરાઈઝ હૈદ્રાબાદ | મુંબઈ ઈન્ડિયન્સ | રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ



IPL 2026 આજની મેચ GT Vs SRH સમય: સાંજે 7:30 વાગ્યે સ્થળ: અમદાવાદ

ટીમ	મેચ	જીત	હાર	રદ	પોઈન્ટ	નેટ રન
RCB	11	7	4	0	14	1.103
SRH	11	7	4	0	14	0.737
GT	11	7	4	0	14	0.228
PBKS	10	6	3	1	13	0.571
CSK	11	6	5	0	12	0.185
RR	11	6	5	0	12	0.082
KKR	10	4	5	1	9	-0.169
DC	11	4	7	0	8	-1.154
MI	11	3	8	0	6	-0.585
LSG	11	3	8	0	6	-0.907

પંજાબે દિલ્હી સામે મૂક્યો 211 રનનો લક્ષ્યાંક

પ્રિયાંશ આર્ય અને શ્રેયસની અડધી સદી

ધર્મસાલા, તા. 11 (પીટીઆઈ): ધર્મશાલાના સુંદર મેદાન પર રમાયેલી IPL મેચમાં દિલ્હી કેપિટલ્સ (DC)ના બોલરોએ શાનદાર વાપસી કરતા પંજાબ કિંગ્સને 5 વિકેટે 210 રન પર રોકી દીધું હતું.

દિલ્હીએ ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ પસંદ કરી હતી, પરંતુ શરૂઆતમાં પંજાબના ઓપનર પ્રિયાંશ આર્યએ આક્રમક બેટિંગ કરી હતી. પ્રિયાંશે માત્ર 33 બોલમાં 56 રન ફટકાર્યા હતા, જેમાં 6 છગ્ગાનો સમાવેશ થાય છે. તેણે અનુભવી મિચેલ સ્ટાર્કની પહેલી જ ઓવરમાં 22 રન ઝૂડી કાઢ્યા હતા.

જોકે, શરૂઆતની 3 ઓવરમાં 51 રન આપ્યા બાદ દિલ્હીના ઝડપી બોલરોએ પોતાની વ્યૂહરચના બદલી હતી. આકિબ નબીએ સચોટ લેન્થ પર બોલિંગ કરીને પંજાબની રન ગતિ પર બ્રેક લગાવી હતી. બીજી તરફ મુકેશ કુમારે પ્રભસિમરન સિંહને 18 રને આઉટ કરીને દિલ્હીને પ્રથમ સફળતા અપાવી હતી. ત્યારબાદ માધવ તિવારીએ સેટ થયેલા પ્રિયાંશને આઉટ કરીને પંજાબને મોટો ઝટકો આપ્યો હતો.

મધ્ય ઓવરોમાં કેપ્ટન શ્રેયસ અય્યરે 36 બોલમાં અણનમ 59 રન અને કૂપર કોનોલીએ 38 રન બનાવી ત્રીજી વિકેટ માટે 83 રનની ભાગીદારી કરી હતી, પરંતુ તેઓ અપેક્ષા મુજબ ગિયર બદલી શક્યા નહીં. અંતિમ ઓવરોમાં સ્ટાર્કે માર્કસ સ્ટોઈનિસ અને શશાંક સિંહને સતત બે બોલમાં આઉટ કર્યા હતા. લુંગી એનગીડીએ છેલ્લી ઓવર શાનદાર ફેંકીને પંજાબને 210 રન સુધી સીમિત રાખ્યું હતું.

પંજાબ કિંગ્સ	રન	બોલ	4	6
પ્રિયાંશ કો પરખ બો તિવારી	56	33	2	6
પ્રભસિમરન કો આકિબ બો મુકેશ	18	15	3	0
શ્રેયસ અય્યર અણનમ	59	36	5	3
કૂપર કો મિલર બો તિવારી	38	27	3	2
સ્ટોઈનીસ કો તિવારી બો સ્ટાર્ક	1	2	0	0
શશાંક કો પટેલ બો સ્ટાર્ક	0	1	0	0
સૂર્યાંશ અણનમ	21	8	2	2
વધારાના	17			
કુલ 19.6 ઓવરમાં 5 વિકેટે	210 રન			

વિકેટ પતન: 1-78, 2-97, 3-180, 4-187, 5-187

બોલિંગ	O	M	R	W
મિચેલ સ્ટાર્ક	4	0	57	2
આકીબ નબી	4	0	32	0
લુંગી એનગીડી	3.6	0	46	0
મુકેશ કુમાર	4	0	31	1
માધવ તિવારી	4	0	40	2

ICC વનડે રેન્કિંગમાં ભારતે ટોચનું સ્થાન જાળવી રાખ્યું

ન્યૂઝીલેન્ડ બીજા સ્થાને જ્યારે ઓસ્ટ્રેલિયા ત્રીજા સ્થાને છે

પાકિસ્તાન પાંચમા સ્થાને ધકેલાયું

દુબઈ, તા. 11 (પીટીઆઈ): આઈસીસી (ICC) દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના વાર્ષિક રેન્કિંગ અપડેટમાં ભારતે વનડે ક્રિકેટમાં પોતાનું ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે.

સોમવારે દુબઈમાં આઈસીસી દ્વારા જારી કરવામાં આવેલા નિવેદન અનુસાર, ભારતીય ટીમ 118 રેટિંગ પોઈન્ટ્સ સાથે પ્રથમ ક્રમે યથાવત છે. જોકે, ભારતના રેટિંગમાં એક પોઈન્ટનો મામૂલી ઘટાડો થયો છે, તેમ છતાં તે બીજા સ્થાને રહેલી ન્યુઝીલેન્ડ (113 પોઈન્ટ્સ) કરતા 5 પોઈન્ટ્સ આગળ છે. વર્લ્ડ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા 109 પોઈન્ટ્સ સાથે ત્રીજા સ્થાને રહીને ટોપ-3 ટીમોમાં પોતાનું સ્થાન જાળવી રાખવામાં સફળ રહ્યું છે.

આ વાર્ષિક અપડેટની ખાસિયત એ છે કે તેમાં મે 2025 પછી રમાયેલી મેચોને 100 ટકા વેઈટેજ આપવામાં આવ્યું છે, જ્યારે તેના અગાઉના બે વર્ષના પ્રદર્શનને 50 ટકા વેઈટેજ અપાયું છે. આ ફેરફારને કારણે રેન્કિંગમાં અન્ય ટીમોના સ્થાનમાં પણ ફેરફાર જોવા મળ્યો છે. દક્ષિણ આફ્રિકા 102 પોઈન્ટ્સ સાથે ચોથા સ્થાને પહોંચી ગયું છે, જેણે 98 પોઈન્ટ્સ ધરાવતા પાકિસ્તાનને પાંચમા સ્થાને ધકેલી દીધું છે. ત્યારબાદ શ્રીલંકા (96), અફઘાનિસ્તાન (93) અને ઈંગ્લેન્ડ (89) અનુક્રમે છઠ્ઠા, સાતમા અને આઠમા ક્રમે છે. બાંગ્લાદેશ 84 પોઈન્ટ્સ સાથે નવમા અને વેસ્ટ ઈન્ડિઝ 74 પોઈન્ટ્સ સાથે દસમા ક્રમે છે.

આ રેન્કિંગ વર્લ્ડકપ ક્વોલિફિકેશન માટે મહત્વપૂર્ણ

આ રેન્કિંગ 2027ના વનડે વર્લ્ડકપ માટે સીધી ક્વોલિફિકેશન મેળવવા માટે અત્યંત મહત્વનું છે. આઈસીસીના નિયમ મુજબ, 31 માર્ચ, 2027 સુધીમાં જે ટીમો ટોપ-8 માં હશે તેમને સીધી જ વર્લ્ડકપની ટિકિટ મળશે. દક્ષિણ આફ્રિકા અને ઝિમ્બાબ્વે યજમાન હોવાના કારણે પહેલેથી જ ક્વોલિફાય થઈ ચૂક્યા છે. જો દક્ષિણ આફ્રિકા ટોપ-8 માં રહેશે, તો નવમા ક્રમની ટીમ પણ સીધી ક્વોલિફાય થઈ શકશે. આ જ કારણ છે કે બાંગ્લાદેશ અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની 10 પોઈન્ટ્સની ખાઈ ભવિષ્યમાં ઘણી નિર્ણાયક સાબિત થશે. અન્ય ટીમોમાં આયર્લેન્ડે ઝિમ્બાબ્વેને પાછળ છોડી 11મું સ્થાન મેળવ્યું છે, જ્યારે અમેરિકા 13મા સ્થાને પહોંચી ગયું છે. યુએઈ (UAE) પણ કેનેડાને પછાડી 19મા ક્રમે આવ્યું છે.

અમદાવાદમાં આજે ગુજરાત અને હૈદરાબાદ વચ્ચે પ્લેઓફનો જંગ

હાલમાં બેંગલુરુ, હૈદરાબાદ અને ગુજરાત ત્રણેય ટીમો 14 પોઈન્ટ સાથે સમાન સ્તરે

મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયો હોટસ્ટાર પર સાંજે 7.30 વાગ્યાથી

અમદાવાદ, તા. 11 (પીટીઆઈ): આઈપીએલ હવે તેના નિર્ણાયક અંતિમ તબક્કામાં પ્રવેશી રહી છે ત્યારે મંગળવારે અમદાવાદમાં બીજા સ્થાને રહેલી સનરાઈઝર્સ હૈદરાબાદ અને ત્રીજા સ્થાને રહેલી ગુજરાત ટાઈટન્સ વચ્ચે હાઈ-વોલ્ટેજ મુકાબલો રમાશે.

આ મેચ પ્લેઓફની રેસ નક્કી કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. હાલમાં બેંગલુરુ, હૈદરાબાદ અને ગુજરાત ત્રણેય ટીમો 14 પોઈન્ટ સાથે સમાન સ્તરે છે, તેથી નેટ રન રેટ પ્લેઓફ માટે નિર્ણાયક પરિબળ બની શકે છે. શુભમન ગિલના નેતૃત્વમાં ગુજરાતે છેલ્લી કેટલીક મેચોમાં શાનદાર વાપસી કરી છે, જેમાં રાજસ્થાન સામેની 77 રનથી મળેલી જીત મુખ્ય છે. ગુજરાતની તાકાત તેના બેલેન્સમાં છે, જેમાં ગિલ અને સાઈ સુદર્શન ટોપ ઓર્ડરમાં મજબૂતી આપે છે, જ્યારે મોહમ્મદ સિરાજ અને રાશિદ ખાન જેવા બોલરો મધ્ય ઓવરોમાં રમત પલટવાની ક્ષમતા ધરાવે છે.

બીજી બાજુ, હૈદરાબાદની ટીમ આ સીઝનની સૌથી વિસ્ફોટક બેટિંગ લાઈન-અપ તરીકે ઉભરી આવી છે. અભિષેક શર્મા, ટ્રેવિસ હેડ અને હેનરિક ક્લાસેન જેવા બેટ્સમેનોએ આ સીઝનમાં 8 વખત 200થી વધુ રન બનાવ્યા છે, જેમાં મુંબઈ સામેનો 249 રનનો હાઈ સ્કોર પણ સામેલ છે. કેપ્ટન પેટ કમિન્સની વાપસીથી બોલિંગ યુનિટમાં પણ નવો જોમ આવ્યો છે. ખાસ કરીને શ્રીલંકન પેસર એશાન મલિંગાએ આ સીઝનમાં 16 વિકેટ ઝડપીને બધાને પ્રભાવિત કર્યા છે. જોકે, હૈદરાબાદની અતિ-આક્રમક બેટિંગ ક્યારેક તેમના માટે જોખમી પણ સાબિત થાય છે, કારણ કે વહેલી વિકેટો પડવા પર તેમનું મધ્યમ ક્રમ નબળું જણાય છે. અમદાવાદના ઘરઆંગણે ગુજરાત સામે હૈદરાબાદે પોતાના ફિલ્ડિંગમાં પણ સુધારો કરવો પડશે.

પાકિસ્તાન સામે બાંગ્લાદેશની 179 રનની સરસાઈ

ચોથા દિવસના અંતે બાંગ્લાદેશનો સ્કોર 3 વિકેટે 152 રન, શાંતો અને મોમિનુલની અડધી સદી

ઢાકા, તા. 11 (એપી): બાંગ્લાદેશ અને પાકિસ્તાન વચ્ચે રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચના ચોથા દિવસે વરસાદના વિઘ્ન છતાં બાંગ્લાદેશે સંતોષજનક સરસાઈ મેળવવામાં સફળતા હાંસલ કરી છે.

ચોથા દિવસના અંતે બાંગ્લાદેશે બીજી ઈનિંગમાં 3 વિકેટે 152 રન બનાવી લીધા છે, જેનાથી તેની કુલ સરસાઈ 179 રન થઈ ગઈ છે. કેપ્ટન નજમુલ હોસેન શાંતો 58 રન બનાવી અણનમ છે, જ્યારે મુશફિકુર રહીમ 16 રન પર રમી રહ્યો છે. ખરાબ રોશનીને કારણે રમત વહેલી રોકવી પડી હતી.

સવારે બાંગ્લાદેશની શરૂઆત નબળી રહી હતી અને ટીમે 23 રનમાં 2 વિકેટ ગુમાવી દીધી હતી. જોકે, પ્રથમ ઈનિંગના હીરો શાંતો અને મોમિનુલ હકે ફરી એકવાર શાનદાર બેટિંગ કરતા ત્રીજી વિકેટ માટે 105 રનની ભાગીદારી કરી હતી. મોમિનુલ હકે 56 રન બનાવી પોતાની સતત પાંચમી અડધી સદી પૂરી કરી હતી. પાકિસ્તાન તરફથી મોહમ્મદ અબ્બાસ, હસન અલી અને શાહીન શાહ આફ્રિદીએ 1-1 વિકેટ ઝડપી હતી. હવે મેચના અંતિમ દિવસે બાંગ્લાદેશ પાકિસ્તાન સામે મોટો લક્ષ્યાંક સ્થાપિત કરવાનો પ્રયાસ કરશે.

હાર્દિક પંડ્યાએ મુંબઈ ઈન્ડિયન્સને અનફોલો કરતા અટકળો શરૂ થઈ

અનફોલો કર્યાના થોડા સમય બાદ જ હાર્દિકે ફરી ટીમને ફોલો કરી

આ ઘટનાને હાર્દિકની નારાજગી તરીકે જોવામાં આવી રહી છે



નવી દિલ્હી, તા. 11: આઈપીએલ 2026 માં મેદાન પર ખરાબ પ્રદર્શન બાદ હવે મુંબઈ ઈન્ડિયન્સમાં મેદાનની બહાર પણ વિવાદોએ જોર પકડ્યું છે. રવિવારે રાયપુરમાં આરસીબી (RCB) સામેની હાર સાથે મુંબઈ પ્લેઓફની રેસમાંથી બહાર થઈ ગયું હતું. આ પરાજય બાદ તરત જ સોશિયલ મીડિયા પર ફેન્સે નોટિસ કર્યું કે ટીમના કેપ્ટન હાર્દિક પંડ્યાએ ઈન્સ્ટાગ્રામ પર પોતાની જ ટીમ મુંબઈ ઈન્ડિયન્સને અનફોલો કરી દીધી છે. ફેન્સે શેર કરેલા સ્ક્રીનશોટ મુજબ, હાર્દિકની ફોલોઈંગ લિસ્ટ 151થી ઘટીને 150 થઈ ગઈ હતી. જોકે, હંગામો વધતા થોડી જ મિનિટોમાં તેણે ફરી ટીમને ફોલો કરી હતી.

આ ઘટનાને ટેકનિકલ ભૂલ ગણવામાં આવી રહી છે, પરંતુ ટીમની સતત નિષ્ફળતા અને ડ્રેસિંગ રૂમમાં વધતા તણાવને જોતા તેને હાર્દિકની નારાજગી તરીકે જોવામાં આવી રહી છે. હાર્દિક આ સીઝનમાં પીઠની ઈજાને કારણે સતત 3 મેચોમાં બહાર રહ્યો છે અને તેનું અંગત પ્રદર્શન પણ નબળું રહ્યું હતું; તેણે 8 મેચમાં માત્ર 146 રન બનાવ્યા અને 4 વિકેટ ઝડપી છે. હાર્દિકની ગેરહાજરીમાં સૂર્યકુમાર યાદવે ટીમની કમાન સંભાળી હતી. મુંબઈ 11 માંથી 8 મેચ હારીને પોઈન્ટ ટેબલમાં 9મા સ્થાને છે. જોકે રિપોર્ટ મુજબ મેનેજમેન્ટ હજુ પણ હાર્દિક પર ભરોસો રાખી રહ્યું છે, પરંતુ આ સોશિયલ મીડિયા ડ્રામાએ હાર્દિકના ટીમમાં ભવિષ્ય અંગે અટકળો તેજ કરી દીધી છે.

બાર્સેલોનાએ સતત બીજી વાર લા લિગા ટાઈટલ જીત્યું

બાર્સેલોનાએ ક્લાસિકો મુકાબલામાં રિયલ મેડ્રિડને 2-0થી હરાવ્યું

જીત સાથે લીગમાં 14 પોઈન્ટની અજેય સરસાઈ મેળવી પોતાનું 29મું ટાઈટલ નિશ્ચિત કર્યું

મેચના થોડાક કલાકો પહેલાં જ બાર્સેલોનાના કોચ ફ્લિકનાં પિતાનું નિધન થયું હતું

બાર્સેલોના, તા. 11 (એપી): બાર્સેલોનાએ તેના કટ્ટર હરીફ રિયલ મેડ્રિડને 2-0થી હરાવીને સતત બીજા વર્ષે સ્પેનિશ લીગ ટાઈટલ પોતાના નામે કર્યું છે. કેમ્પ નાઉ સ્ટેડિયમમાં રમાયેલા આ ક્લાસિકો મુકાબલામાં માર્કસ રશફોર્ડે 9મી મિનિટે ફ્રી-કિક દ્વારા અને ફેરાન ટોરેસે 18મી મિનિટે ગોલ કરીને ટીમને વિજય અપાવ્યો હતો. આ જીત સાથે બાર્સેલોનાએ લીગમાં 14 પોઈન્ટની અજેય સરસાઈ મેળવીને પોતાનું 29મું ટાઈટલ નિશ્ચિત કર્યું છે. બાર્સેલોનાના કોચ હંસી ફ્લિક માટે આ જીત ભાવુક હતી, કારણ કે મેચના થોડા કલાકો પહેલા જ તેમનાં પિતાનું નિધન થયું હતું. ખેલાડીઓએ કાળી પટ્ટી પહેરી અને મૌન પાળીને ફ્લિકનાં પિતાને શ્રદ્ધાંજલિ આપી હતી.

બીજી બાજુ, રિયલ મેડ્રિડ માટે આ સીઝન નિરાશાજનક રહી છે. આ મેચમાં કિલિયન એમ્બાપ્પે ઈજાના કારણે રમ્યો ન હતો. ઉપરાંત ખેલાડીઓ વચ્ચેના આંતરિક વિખવાદને કારણે ટીમ સતત બીજા વર્ષે કોઈ મોટું ટાઈટલ જીતવામાં નિષ્ફળ રહી છે. હાર બાદ મેડ્રિડના કોચ આલ્વારો આર્બલોઆની ટીકાઓ થઈ રહી છે. બાર્સેલોનાએ આ સીઝનમાં સ્પેનિશ સુપર કપ પણ જીત્યો છે અને સતત 11 મેચો જીતીને પોતાનો દબદબો સાબિત કર્યો છે.

પાકિસ્તાન-બાંગ્લાદેશ પ્રવાસમાં ઓસ્ટ્રેલિયાના 3 સ્ટાર બોલર્સની ગેરહાજરી

જાહેર કરાયેલી ઓસ્ટ્રેલિયન ટીમમાં સ્ટાર બોલર્સ પેટ કમિન્સ, મિચેલ સ્ટાર્ક અને જોશ હેઝલવુડ સામેલ નથી

લિયામ સ્કોટ અને ઓલી પીક જેવા નવા ચહેરાઓ ટીમમાં



સિડની, તા. 11 (પીટીઆઈ): ઓસ્ટ્રેલિયાએ આઈપીએલની વ્યસ્ત સીઝન બાદ ખેલાડીઓના કાર્યભારને ધ્યાનમાં રાખીને પાકિસ્તાન અને બાંગ્લાદેશના આગામી પ્રવાસ માટે તેના મુખ્ય ફાસ્ટ બોલરોને આરામ આપવાનો નિર્ણય કર્યો છે.

સ્ટાર બોલર્સ પેટ કમિન્સ, મિચેલ સ્ટાર્ક અને જોશ હેઝલવુડ આ બંને મર્યાદિત ઓવરોના પ્રવાસમાં જોવા નહીં મળે. આ ત્રણેય મુખ્ય બોલરો ઓગસ્ટમાં બાંગ્લાદેશ સામે ઘરઆંગણે શરૂ થનારી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની શ્રેણી માટે પોતાને તૈયાર રાખવા આ બ્રેકનો ઉપયોગ કરશે. આ સ્ટાર બોલરોની ગેરહાજરીમાં ઓસ્ટ્રેલિયાએ લિયામ સ્કોટ અને અંડર-19 વર્લ્ડકપના કેપ્ટન ઓલી પીક જેવા નવા ચહેરાઓને ટીમમાં સ્થાન આપ્યું છે.

પાકિસ્તાન પ્રવાસમાં ઓસ્ટ્રેલિયા 30 મેથી ત્રણ વનડે મેચોની શ્રેણી રમશે. ત્યારબાદ ટીમ બાંગ્લાદેશના પ્રવાસે જશે જ્યાં ત્રણ વનડે અને ત્રણ ટી20 મેચો રમાવાની છે. મિચેલ માર્શ બંને પ્રવાસમાં ટીમનું નેતૃત્વ કરશે. આઈપીએલમાં રમી રહેલા ટ્રેવિસ હેડ, કૂપર કોનોલી અને ઝેવિયર બાર્ટલેટ જેવા ખેલાડીઓ ભારતની ટુર્નામેન્ટ પૂરી થયા બાદ સીધા બાંગ્લાદેશ પહોંચશે. જોકે, વરિષ્ઠ ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલની આ પ્રવાસ માટે પસંદગી કરવામાં આવી નથી.

પાકિસ્તાન સામેની વનડે શ્રેણી માટેની ટીમ: મિચેલ માર્શ (કેપ્ટન), એલેક્સ કેરી, નાથન એલિસ, કેમેરોન ગ્રીન, જોશ ઈંગ્લિશ, મેથ્યુ કુહનેમેન, માર્નસ લાબુશેન, રિલે મેરેડિથ, ઓલી પીક, મેથ્યુ રેનશો, તનવીર સંઘા, લિયામ સ્કોટ, મેથ્યુ શોર્ટ, બિલી સ્ટેનલેક, એડમ ઝમ્પા.

બાંગ્લાદેશ સામેની વનડે શ્રેણી માટેની ટીમ: મિચેલ માર્શ (કેપ્ટન), ઝેવિયર બાર્ટલેટ, એલેક્સ કેરી, કૂપર કોનોલી, બેન ડ્વારશુઈસ, નાથન એલિસ, કેમેરોન ગ્રી, ટ્રેવિસ હેડ, જોશ ઈંગ્લિશ, મેથ્યુ કુહનેમેન, માર્નસ લાબુશેન, મેથ્યુ રેનશો, તનવીર સંઘા, લિયામ સ્કોટ, એડમ ઝમ્પા.

બાંગ્લાદેશ સામેની ટી20 શ્રેણી માટેની ટીમ: મિચેલ માર્શ (કેપ્ટન), ઝેવિયર બાર્ટલેટ, કૂપર કોનોલી, ટિમ ડેવિડ, જોએલ ડેવિસ, નાથન એલિસ, કેમેરોન ગ્રીન, એરોન હાર્ડી, ટ્રેવિસ હેડ, જોશ ઈંગ્લિશ, સ્પેન્સર જોહ્નસન, મેથ્યુ કુહનેમેન, રિલે મેરેડિથ, જોશ ફિલિપ, મેથ્યુ રેનશો, એડમ ઝમ્પા.

અનુસંધાન ... પાના પહેલાનું

હિમાચલમાં કાર...

મોત થયા છે, જ્યારે અન્ય ચાર લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાનું પોલીસે જણાવ્યું હતું. આ ઘટના અંગે દુ:ખ વ્યક્ત કરતા હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુએ જિલ્લા વહીવટીતંત્રને અસરગ્રસ્ત પરિવારોને તમામ શક્ય સહાય પૂરી પાડવા અને ઘાયલોને શ્રેષ્ઠ સારવાર મળે તે સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો હોવાનું અહીં જારી કરવામાં આવેલા એક નિવેદનમાં જણાવાયું છે. 10 લોકો સવાર હતા તેવી ઓવરલોડેડ ટોયોટા ઈનોવા કાર મનાલીથી ડેલહાઉસી જઈ રહી હતી ત્યારે લહરુ-તુન્નુહટ્ટી રોડ પર આ અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો જોરદાર હતો કે વાહનના ભાગો ચારેબાજુ વિખરાઈ ગયા હતા. પોલીસે જણાવ્યું હતું કે તેમને અને બચાવ ટુકડીઓને ઘાયલ વ્યક્તિઓને બહાર કાઢવામાં ઘણી મુશ્કેલી પડી હતી, જેમને બાદમાં ઝોનલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. મૃતકોની ઓળખ લલિત ભાઈ ફતનાણી, તેમના પત્ની મમતા, પ્રિયંક કનૈયા લાલ ભોપાણી, તેમના પત્ની કાજલ અને પુત્ર દિયાંશ (તમામ ગુજરાતના રહેવાસી) અને ડ્રાઈવર જસવંત (મંડીના જોગીન્દરનગર સબ-ડિવિઝનના રહેવાસી) તરીકે કરવામાં આવી છે. ગુજરાતી પર્યટકો ભાવનગરના સિંધી પરિવારના હતા અને હિમાચલ ફરવા ગયા હતા. અકસ્માતનું કારણ હજુ જાણી શકાયું નથી, પરંતુ અધિકારીઓના જણાવ્યા અનુસાર ઈજાગ્રસ્તોએ જણાવ્યું હતું કે તીવ્ર વળાંક પર ડ્રાઈવરે વાહન પરથી કાબૂ ગુમાવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે ઘાયલોને કાંગડા જિલ્લાની ડો. રાજેન્દ્ર પ્રસાદ ગવર્નમેન્ટ મેડિકલ કોલેજ, ટાન્ડામાં દાખલ કરવામાં આવ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે આ મામલે કેસ નોંધીને અકસ્માત કયા કારણોસર સર્જાયો તે જાણવા માટે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

ટ્રમ્પે ઇરાનની...

છે અને કેટલાક દેશોમાં ઈંધણની અછત ઊભી થઈ છે. ટ્રમ્પે રવિવારે તેમના ટ્રુથ સોશિયલ પ્લેટફોર્મ પર લખ્યું, મેં હમણાં જ ઈરાનના કહેવાતા 'પ્રતિનિધિઓ'નો જવાબ વાંચ્યો છે. મને તે પસંદ નથી આવ્યો - તદ્દન અસ્વીકાર્ય! અગાઉ, ટ્રમ્પે તેહરાન પર લગભગ 50 વર્ષોથી યુનાઈટેડ સ્ટેટ્સ સાથે રમત રમવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે ઉમેર્યું, તેઓ હવે વધુ સમય હસી શકશે નહીં! દરમ્યાન, રિપબ્લિકન સેનેટર લિન્ડસે ગ્રેહામે કહ્યું છે કે ટ્રમ્પે હવે લશ્કરી પગલાઓ લેવા વિચારવું જોઈએ. અમેરિકી મીડિયા આઉટલેટ 'એક્સિઓસ' સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું, મને તેમનો પત્ર ગમ્યો નથી. તે અયોગ્ય છે. મને તેમનો જવાબ પસંદ નથી. જો કે, ઈરાનના જવાબમાં શું હતું તે વિશે વધુ વિગતો આપવાનો તેમણે ઈનકાર કર્યો હતો. તેમણે કહ્યું, તેઓ 47 વર્ષોથી ઘણા રાષ્ટ્રોને પરેશાન કરી રહ્યા છે. ટ્રમ્પે એક્સિઓસને જણાવ્યું કે તેમણે રવિવારે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ સાથે વાત કરી હતી અને અન્ય બાબતોની સાથે ઈરાનના જવાબ પર પણ ચર્ચા કરી હતી. નેતન્યાહુ વિશે તેમણે કહ્યું, તે એક ખૂબ જ સારો ફોન કોલ હતો. અમારા સંબંધો સારા છે, પરંતુ તેમણે ઉમેર્યું કે ઈરાન સાથેની વાટાઘાટો મારી સ્થિતિ છે, બીજા કોઈની નહીં.

SIRથી ચૂંટણી...

ઉપાય 'ઈલેક્શન પિટિશન' છે. નાયડુએ જણાવ્યું હતું કે ચૂંટણી પંચને માત્ર SIR સંબંધિત મુદ્દાઓ અને મતદાર યાદીના સુધારણા દરમિયાન મતોના ઉમેરા અથવા ઘટાડા સામેની પરિણામી અપીલો માટે જ જવાબદાર ગણી શકાય. શરૂઆતમાં, કલ્યાણ બેનર્જીએ જીતના અંતર અંગે જસ્ટિસ બાગચીના અગાઉના અવલોકનનો ઉલ્લેખ કર્યો અને કહ્યું, મારો એક ઉમેદવાર 862 મતોથી હારી ગયો અને રસપ્રદ વાત એ છે કે તે મતવિસ્તારમાં SIR દરમિયાન 5,550 મતો રદ કરવામાં આવ્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે આવી 31 બેઠકો હતી જ્યાં જીતનું અંતર રદ થયેલા મતો કરતા ઓછું હતું. જસ્ટિસ બાગચીની બેન્ચે જણાવ્યું હતું કે, પરિણામો વિશે, મતો રદ કરવા વિશે કે અન્ય જે કાંઈ પણ તમે કહેવા માંગતા હોવ, તે માટે સ્વતંત્ર IA (વચગાળાની અરજી)ની જરૂર છે. જસ્ટિસ બાગચીએ વધુમાં જણાવ્યું હતું કે ચૂંટણી પંચ જે કહી રહ્યું છે - કે ચૂંટણી પિટિશન જ એકમાત્ર ઉપાય છે - તે પંચ તેના વળતા સોગંદનામામાં જવાબ તરીકે રજૂ કરી શકે છે.

સોમનાથ અમૃત...

કરવી એ એવો અનુભવ છે જેને હું ક્યારેય ભૂલી શકીશ નહીં." પુનઃનિર્મિત સોમનાથ મંદિરના ઉદ્ઘાટનના 75 વર્ષ પૂર્ણ થવાના અવસરે યોજાયેલા કાર્યક્રમમાં તેમણે સોમનાથને ભારતની અવિનાશી આત્મા, અડગ શ્રદ્ધા અને સાંસ્કૃતિક ગૌરવનું પ્રતિક ગણાવ્યું હતું. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે 1947માં દેશને આઝાદી મળી હતી, જ્યારે 1951માં સોમનાથની પ્રાણ પ્રતિષ્ઠાએ ભારતની સ્વતંત્ર ચેતનાનો ઉદ્ઘોષ કર્યો હતો. તેમણે કહ્યું કે સોમનાથ માત્ર મંદિર નથી, પરંતુ સદીઓના આક્રમણો સામે અડીખમ રહેલી ભારતની આધ્યાત્મિક શક્તિનું જીવંત પ્રતિક છે. પીએમ મોદીએ પોતાના સંબોધનમાં પોખરણ પરમાણુ પરીક્ષણોની વર્ષગાંઠનો પણ ઉલ્લેખ કર્યો હતો અને "ઓપરેશન શક્તિ"ને ભારતની વૈજ્ઞાનિક શક્તિ તથા રાજકીય સંકલ્પનું પ્રતિક ગણાવ્યું હતું.તેમણે જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક વર્ષોમાં કાશી વિશ્વનાથ, કેદારનાથ, મહાકાલ મહાલોક અને અયોધ્યા જેવા તીર્થસ્થળોના વિકાસ દ્વારા દેશ પોતાની સાંસ્કૃતિક વિરાસતને નવી ઊંચાઈ પર લઈ જઈ રહ્યો છે. "વિકાસ અને વિરાસત સાથે-સાથે આગળ વધે, એ જ નવા ભારતની ઓળખ છે," એમ તેમણે જણાવ્યું હતું.પ્રધાનમંત્રીએ અંતમાં કહ્યું હતું કે સોમનાથ અમૃત મહોત્સવ માત્ર ભૂતકાળની ઉજવણી નથી, પરંતુ આગામી હજાર વર્ષ માટે ભારતની પ્રેરણાનો મહોત્સવ છે.

ટ્રમ્પ આવતીકાલથી...

કારણે વૈશ્વિક ઉર્જા સંકટ ઊભું થયું છે, અને તાઈવાન સહિતના અનેક મુદ્દાઓ પર અમેરિકા અને ચીન વચ્ચે તણાવ વધી રહ્યો છે. રવિવારે, અમેરિકાના પ્રિન્સિપલ ડેપ્યુટી પ્રેસ સેક્રેટરી એના કેલીએ જણાવ્યું હતું કે ટ્રમ્પ બુધવારે સાંજે બેઈજિંગ પહોંચશે, જેને તેમણે 'પ્રતીકાત્મક મહત્વ' ધરાવતી મુલાકાત ગણાવી હતી. હોંગકોંગ સ્થિત સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટના અહેવાલ મુજબ, કેલીએ જણાવ્યું કે અમેરિકી નેતા ગુરુવારે સ્વાગત સમારોહ અને ટ્રમ્પ શી જિનપિંગ સાથે દ્વિપક્ષીય બેઠકમાં હાજરી આપશે, ત્યારબાદ તેઓ 'ટેમ્પલ ઓફ હેવન'ની મુલાકાત લેશે અને સત્તાવાર ભોજન સમારંભમાં સામેલ થશે. બંને નેતાઓ શુક્રવારે ફરીથી દ્વિપક્ષીય ચા અને વર્કિંગ લંચ માટે મળશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે અમેરિકા આ વર્ષના અંતમાં ચીની નેતાની વળતી મુલાકાતનું આયોજન કરવાનું પણ વિચારી રહ્યું છે. ટ્રમ્પની ચીનની મુલાકાત ટાણે જ અમેરિકા અને ઈરાન વચ્ચે ફરીથી મડાગાંઠ સર્જાઈ છે અને એમ માનવામાં આવે છે કે ટ્રમ્પ ચીની પ્રમુખ જિનપિંગને વર્તમાન અનિશ્ચિતતાનો અંત લાવવા ઈરાન પર દબાણ કરવા વિનંતી કરશે. ચીન એ ઈરાની ક્રૂડનું સૌથી મોટું ગ્રાહક છે એ બાબત આમાં મદદરૂપ થઈ શકે છે.

સોમનાથ ભારતની...

કેબીનેટ સભ્યો, સાંસદો, ધારાસભ્યો અને અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પ્રધાનમંત્રી મોદીએ પોતાના સંબોધનની શરૂઆત "જય સોમનાથ"ના ગુંજતા જયઘોષ સાથે કરી હતી. તેમણે જણાવ્યું હતું કે પ્રભાસ પાટણનો સમગ્ર વિસ્તાર આધ્યાત્મિક ઉર્જાથી છલકાતો દેખાઈ રહ્યો છે. મંદિર પરિસરમાં વેદમંત્રો, શિવ પંચાક્ષરીના અખંડ પાઠ, સાગરની લહેરો અને ભક્તિભાવથી છલકાતું વાતાવરણ સમગ્ર સૃષ્ટિ "જય સોમનાથ"નો સંદેશ આપી રહ્યું હોય તેવી અનુભૂતિ કરાવી રહ્યું છે.

નેહરુના વિરોધનો પણ કર્યો ઉલ્લેખ

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે સ્વતંત્રતા પછી સોમનાથ મંદિરના પુનઃનિર્માણ માટે જવાહરલાલ નેહરૂ દ્વારા વિરોધ થયો હતો, છતાં સરદાર પટેલ પોતાની ઇચ્છાશક્તિ પર અડગ રહ્યા અને સોમનાથનું પુનઃનિર્માણ પૂર્ણ થયું. તેમણે આ પ્રસંગે રાષ્ટ્રીય સ્વાભિમાન અને સાંસ્કૃતિક વારસાને રાજકારણથી ઉપર રાખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. મોદીએ કહ્યું હતું કે છેલ્લા દાયકામાં દેશભરમાં કાશી વિશ્વનાથ ધામ, મહાકાલ મહાલોક, કેદારનાથ અને અયોધ્યા જેવા ધાર્મિક કેન્દ્રોના વિકાસ દ્વારા ભારત પોતાની સાંસ્કૃતિક ચેતનાને નવી ઊંચાઈ પર લઈ જઈ રહ્યું છે.તેમણે કહ્યું હતું કે તીર્થસ્થળો માત્ર આધ્યાત્મિક કેન્દ્રો જ નહીં, પરંતુ આર્થિક પ્રગતિના પણ સ્ત્રોત છે. ચારધામ માર્ગ, હેમકુંડ સાહિબ રોપવે, કરતારપુર કોરિડોર અને બૌદ્ધ સર્કિટ જેવા પ્રોજેક્ટોથી સ્થાનિક અર્થતંત્રને નવી ગતિ મળી છે.

સુવેન્દુના સહાયકની...

અધિકારીએ PTIને જણાવ્યું કે, આ એક મોટી સફળતા છે. તપાસમાં સંકેત મળ્યો હતો કે હુમલાખોરો પશ્ચિમ બંગાળની બહારના હતા. ટેકનિકલ સર્વેલન્સ, ડિજિટલ ટ્રેકિંગ અને અન્ય ઈનપુટ્સના આધારે SITની ટીમોને ઉત્તર પ્રદેશ અને બિહાર મોકલવામાં આવી હતી. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે, બે આરોપીઓ - મયંક રાજ મિશ્રા અને વિકી મૌર્યની બિહારના બક્સરથી અટકાયત કરવામાં આવી હતી, જ્યારે ત્રીજા આરોપી રાજ સિંહની રવિવારે ઉત્તર પ્રદેશના બલિયાથી અટકાયત કરવામાં આવી હતી. પૂછપરછ બાદ આજે સવારે ત્રણેયની ધરપકડ કરવામાં આવી હતી. અગાઉ, પોલીસે ભૂલથી વિકી મૌર્યની ઓળખ વિશાલ શ્રીવાસ્તવ તરીકે કરી હતી અને એવો દાવો પણ કર્યો હતો કે ત્રણેયની ધરપકડ ઉત્તર પ્રદેશમાંથી કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે હત્યાના કાવતરા અને તેને અંજામ આપવામાં ઓછામાં ઓછા આઠ લોકો સામેલ હતા. પોલીસનું માનવું છે કે હુમલાખોરોએ રથને નિશાન બનાવતા પહેલા તેની વિગતવાર રેકી કરી હતી.

UPI દ્વારા ટોલ ટેક્સ ચુકવાતા પગેરું મળ્યું

તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, હુમલાખોરો દ્વારા ઉપયોગમાં લેવાયેલી શંકાસ્પદ કાર હત્યા પહેલા બાલી ટોલ પ્લાઝા પરથી પસાર થઈ હતી. અધિકારીએ જણાવ્યું કે કારમાં સવાર એક વ્યક્તિએ કથિત રીતે UPI દ્વારા ટોલ ટેક્સ ચૂકવ્યો હતો. અધિકારીએ કહ્યું, તે ડિજિટલ પેમેન્ટે તપાસકર્તાઓને મોબાઈલ નંબર ઓળખવામાં અને એક શંકાસ્પદની ઓળખ સ્થાપિત કરવામાં મદદ કરી. આ કડી આખરે અમારી ટીમને આરોપીઓ સુધી લઈ ગઈ.

"1947માં દેશ...

સંસ્કૃતિ સામે થયેલા હુમલાઓ સામે અડગ રહેલી ભારતની આધ્યાત્મિક શક્તિનું પ્રતિક છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે "સોમનાથ અમૃત મહોત્સવ માત્ર ભૂતકાળનો ઉત્સવ નથી, પરંતુ આગામી હજાર વર્ષ માટે ભારતની પ્રેરણાનો મહોત્સવ છે."

દિલ્હી ડાયરી...

તેમના કહેવાનો અર્થ એ હતો કે સંસદની કેન્ટીનમાં મિલેટ લંચ મળે છે અને ગુરુસ્વામી તાજેતરમાં જ તૃણમૂલ કોંગ્રેસના રાજ્યસભા સાંસદ તરીકે નિયુક્ત થયા હોવાથી તેઓ અન્ય લોકોને તે લંચ આપી શકે છે.